# રાજ્યના 45 તાલુકામાં વરસાદી ઝાપટાં

**ઉત્તર** અને મધ્યગુજરાતના કેટલાક જિલ્લામાં એકથી સવા ઈંચ સુધી વરસાદ નોંધાયો

**આજથી** 3 જૂન સુધી ઓરેન્જ અનેક જિલ્લામાં વાવાઝોડા અને કરા પડવાની આગાહી

અમદાવાદ : ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પ્રકોપ યથાવત્ રહેવા છતાં હવે રાજ્યમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટીમાં વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે 1 જૂનથી 6 જૂન દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ, ગાજવીજ અને તેજ પવનની આગાહી કરી છે. ઉત્તર અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લાઓ માટે 1થી 3 જૂન દરમિયાન ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.ગાંધીનગરમાં આવેલા ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું કે રાજયમાં છેલ્લા 24 કલાકની અંદર 45 તાલુકાઓમાં વરસાદ થયો છે. જેમાં ખાસ કરીને મહેસાણાના વિજાપુરમાં સવા ઈંચ જેટલો વરસાદ થયો છે. જ્યારે અરવલ્લીના મોડાસામાં સવા ઈંચ, પંચમહાલના શહેરામાં 1 ઈંચ, ભીલોડામાં 1 ઈંચ, સાબરકાંઠાના વડાલીમાં 22 મીમી, મહીસાગરના કડાણામાં 22 મીમી, પંચમહાલના મોરવા હડફમાં 20 મીમી, અરવલ્લીના ધનસુરામાં 20 મીમી, ખેડબ્રહ્મામાં 18 મીમી, દાહોદમાં 17 મીમી, સાઠંબામાં 16 મીમી, માલપુરમાં 15 મીમી, વિજયનગરમાં 14 મીમી, છોટા ઉદેપુરના બોડેલીમાં 12 મીમી જેટલો વરસાદ થયો છે. આજે રવિવારે દિવસ દરમ્યાન સાંજના છ વાગ્યા સુધીમાં 5 તાલુકાઓમાં 1 થી 7 મીમી જેટલો વરસાદ થયો છે.

રાજ્યના અનેક શહેરોમાં રવિવારે ઉનાળાની ગરમી યથાવત્ રહી હતી. સુરેન્દ્રનગરમાં સૌથી વધુ 41 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે અમરેલી, ભાવનગર, રાજકોટ, અમદાવાદ અને વલ્લભ વિદ્યાનગરમાં 40 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ગાંધીનગરમાં 39 ડિગ્રી, વડોદરામાં 39 ડિગ્રી, સુરતમાં 36 ડિગ્રી અને ભૂજમાં 37 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર છેલ્લા 24 કલાક દરમિયાન ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. આગામી ત્રણ દિવસ સુધી તાપમાનમાં ખાસ ફેરફાર નહીં થાય, પરંતુ ત્યારબાદ 2થી 4 ડિગ્રી સુધીનો ઘટાડો થવાની સંભાવના છે. જોકે આગામી એક દિવસ દરમિયાન રાજ્યના કેટલાક વિસ્તારોમાં તાપમાન 40 ડિગ્રીથી વધુ રહેવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે.

### 1થી 3 જૂન દરમ્યાન વરસાદી ઓરેન્જ એલર્ટ

વિભાગે બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં ગાજવીજ સાથે કરા પડવાની શક્યતા દર્શાવતા ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત પાટણ, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, આણંદ, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ડાંગ, તાપી, દમણ અને દાદરા નગર હવેલી સહિતના વિસ્તારોમાં 50થી 60 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવા સાથે ગાજવીજ અને વરસાદની ચેતવણી આપવામાં આવી છે. અમદાવાદ શહેરમાં આગામી 24 કલાક દરમિયાન સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી કરવામાં આવી છે. સાંજ અને વહેલી સવારે ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદના એકાદ ઝાપટાં પડી શકે છે.

### 1થી 6 જૂન દરમિયાન અનેક જિલ્લામાં વરસાદની આગાહી

1 જૂને ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં તેમજ અમદાવાદ, ગાંધીનગર, ખેડા, આણંદ, પંચમહાલ અને દાહોદ સહિતના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક જિલ્લાઓમાં પણ વરસાદી ઝાપટાં પડી શકે છે.2 અને 3 જૂને ઉત્તર તથા દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદની સંભાવના યથાવત્ રહેશે. જ્યારે 4 જૂને પણ ઉત્તર ગુજરાત, અમદાવાદ, ગાંધીનગર સહિતના વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે.5 અને 6 જૂને વરસાદની તીવ્રતામાં થોડો ઘટાડો થશે, પરંતુ રાજ્યના વિવિધ વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં ચાલુ રહેવાની શક્યતા છે.

### ચોમાસાની પ્રગતિ માટે અનુકૂળ સ્થિતિ

દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ બની રહી હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. આગામી 3થી 4 દિવસમાં ચોમાસું અરબી સમુદ્રના વધુ વિસ્તારો, લક્ષદ્વીપ, કેરળ, તમિલનાડુ અને બંગાળની ખાડીના વધુ વિસ્તારોમાં આગળ વધે તેવી શક્યતા છે. પશ્ચિમી વિક્ષેપ અને પાકિસ્તાન નજીક સર્જાયેલા અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે ગુજરાતમાં હવામાનમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ દરમિયાન વીજળીના કડાકા, તેજ પવન અને કેટલાક વિસ્તારોમાં કરા પડવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને ખેડૂતો, પશુપાલકો અને સામાન્ય નાગરિકોને જરૂરી સાવચેતી રાખવા તેમજ હવામાન વિભાગની સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરી છે.

# પતિએ જ ટ્રોલીબેગમાં પત્નીની લાશ દમણગંગામાં ફેંકી હતી

**વારંવારના** ઝગડાથી કંટાળીને પત્નીએ ફાંસો ખાઇ લેતા ગભરાયા હતા

**કચીગામનો** યુવાન લાશ ફેંકવા મિત્ર સાથે ગયો ત્યારે નાનો પુત્ર પણ સાથે હતો

વાપી : વાપી દમણગંગા નદીમાંથી એક અજાણી મહિલાની લાશ મળી આવી હતી. જેની પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આ લાશ હાલ કચીગામરોડ ખાતે રહેતી અને મૂળ ઉત્તરપ્રદેશની 23 વર્ષની ખુશ્બુની છે. તેણે આત્મહત્યા કરી લેતા તેનો પતિ ટ્રોલીબેગમાં તેની લાશ નદીમાં ફેંકી આવ્યો હતો. તે લાશ ફેંકવા ગયો ત્યારે નાનો પુત્ર આગળ બેઠો હતો તે બાઇક ચલાવતો હતો અને મિત્ર પાછળ ટ્રોલીબેગ લઇને બેઠો હતો.

વાપી ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ યુપીનો રહેવાસી લાડલે અસગર અંસારી (ઉં.58)ની પુત્રી ખુશ્બુ (ઉં.આ.23)ના લગ્ન ત્રણ વર્ષ પહેલા ગાજીપુર જિલ્લાના ગોરાસડા ગામમાં રહેતા ઈરફાન ઈર્ષાદખાન સાથે લવ મેરેજ થયા હતાં. ત્યારબાદ તેઓ વાપી રહેવા આવી ગયા હતા અને સંતાનમાં દોઢ વર્ષનો પુત્ર છે. ખુશ્બુના પિતા લાડલે અંસારી અને તેમના જ ગામનો જમાઇનો મિત્ર વિરેન્દ્ર કંતા ગોંડ પણ વાપી કચીગામ રોડ સ્થિત મહેલ એપાર્ટમેન્ટમાં રહેતા જમાઈના ઘરે દશેક મહિનાથી રહે છે અને તેઓ કચીગામની કંપનીમાં નોકરી કરે છે. ગઇ તારીખ 23-5-26 ના રોજ રાબેતા મુજબ ખુશ્બુના પિતા રાત્રે સાડા આઠેક વાગ્યાની આસપાસ નોકરી પરથી ઘરે આવ્યા ત્યારે ફ્લેટને તાળુ હતું જેથી વીજળીના બોર્ડમાં મૂકેલ ચાવી લઈ ફ્લેટ ખોલી અંદર ગયા હતાં. થોડા સમય બાદ જમાઈ ઈરફાન, પુત્ર અને વિરેન્દ્ર ઘરે આવ્યા હતાં. જેથી તેમણે પુત્રી ખુશ્બુ કેમ ઘરે નથી એવું જમાઈને પૂછ્યું હતું. જેથી જમાઈએ તે પુત્ર સાથે ઘરે જ હતી પછી ખબર નહીં. દરમિયાન તા.24-5-26 ના રોજ વાપી દમણગંગા નદીના પાણીમાંથી મહિલાની લાશ મળી આવી હતી તેની ઓળખ ખુશ્બુ તરીકે થઇ હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે ઇરફાન ખુશ્બુ સાથે ઝગડો કરી વારંવાર તેને મારતો હતો. ગઇ તારીખ .23-5-26 ના રોજ ઈરફાને ફરીથી ઝઘડો કર્યો હતો અને મારપીટ કરી રૂમમાં પૂરી બહારથી દરવાજો બંધ કરી દીધો હતો. ઇશાદિ તેના મિત્ર સાથે દરવાજો તોડ્યો તો તેની લાશ લટકતી હતી. ગભરાયેલા ઇરફાને લાશને ટ્રોલીબેમાં મૂકી દીધી હતી. ત્યારબાદ ઇરફાન બાઇક લઇને આવ્યો હતો અને વિરેન્દ્રને ટ્રોલીબેગ લઇને પાછળ બેસાડ્યા બાદ બંને દમણગંગા નદી પર પહોંચ્યા હતા અને લાશને ફેંકી દીધી હતી.

# ૬૪ કેન્દ્રો પર ધોરણ ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષા યોજાશે

**૧૧ થી ૨૦** જૂન દરમિયાન ૧૬ હજારથી વધુ વિદ્યાર્થી પરીક્ષામાં જોડાશે

સુરતઃ ધોરણ ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાને લઈને સુરત જિલ્લા શિક્ષણ તંત્રએ તૈયારીનો ધમધમાટ શરૂ કરી દીધો છે. આગામી તા.૧૧ થી ૨૦ જૂન દરમિયાન યોજાનારી પૂરક પરીક્ષાઓ માટે જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા શિક્ષણ અધિકારી ભગીરથસિંહ પરમારની અધ્યક્ષતામાં મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ આ વર્ષે સુરત શહેરના કુલ ૬૪ પરીક્ષા કેન્દ્રો પર ધોરણ ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષા લેવામાં આવશે. શૈક્ષણિક વર્ષ દરમિયાન નિષ્ફળ રહેલા વિદ્યાર્થીઓ માટે પૂરક પરીક્ષા બીજી તક સમાન માનવામાં આવે છે. જેથી પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારની ગેરવ્યવસ્થા ન સર્જાય અને વિદ્યાર્થીઓ નિશ્ચિંત બની પરીક્ષા આપી શકે તે માટે તંત્ર દ્વારા આગોતરા આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં શિક્ષણ વિભાગ ઉપરાંત વિવિધ વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓ અને શહેરની વિવિધ શાળાના સંચાલકો હાજર રહ્યા હતા.

### ગરમી વચ્ચે પીવાના પાણી અને પ્રાથમિક સુવિધા ઉપર ફોક્સ

જૂન મહિનાની ગરમીને ધ્યાનમાં રાખીને જિલ્લા શિક્ષણ અધિકારીએ તમામ શાળા સંચાલકોને કેન્દ્રો પર પીવાના શુદ્ધ પાણી, પંખા, બેઠક વ્યવસ્થા અને આરોગ્ય સંબંધિત પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સૂચના આપી હતી. પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓને માનસિક દબાણ ન રહે અને શાંતિપૂર્ણ માહોલ મળે તે બાબતે પણ ખાસ ભાર મુકાયો હતો. શાળા સંચાલકોને પરીક્ષા કેન્દ્રોમાં સ્વચ્છતા જાળવવા, સમયસર પ્રશ્નપત્ર અને જવાબવહીની વ્યવસ્થા તથા સુરક્ષા સંબંધિત બાબતોમાં સાવચેતી રાખવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે કંટ્રોલ રૂમ શરૂ થશે

વિદ્યાર્થીઓ અને વાલીઓને પરીક્ષા સંબંધિત માહિતી, બેઠક નંબર, કેન્દ્ર અથવા અન્ય પ્રશ્નોમાં મદદ મળી રહે તે હેતુથી જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા તા.૮ થી ૨૦ જૂન સુધી કંટ્રોલ રૂમ કાર્યરત રાખવામાં આવશે. જેથી કોઈ પણ ગેરસમજ કે મુશ્કેલી સર્જાય તો તાત્કાલિક માર્ગદર્શન મળી શકે.

#### આટલા વિદ્યાર્થી પરીક્ષામાં જોડાશે

ધોરણ ૧૦ના ૯,૯૩૦
ધો.૧૨ સામાન્ય પ્રવાહના ૨,૬૪૦
ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના ૪૧૨૦
કુલ ૧૬,૬૯૦ વિદ્યાર્થી

## પાંડેસરાની બમરોલી ખાડીમાં ડુબી રહેલા યુવકને સહી-સલામત બહાર કઢાયો

સુરતઃ સુરતના પાંડેસરા વિસ્તારમાં આવેલી આશાપુરી ખાડીમાં એક યુવક ડૂબી જવાની ઘટના સામે આવતા ભારે અફરાતફરી મચી ગઈ હતી, સ્થાનિક લોકોની સમયસૂચકતા અને ફાયર બ્રિગેડની ત્વરિત કામગીરીને કારણે યુવકનો આબાદ બચાવ થયો છે. ભેસ્તાન વિસ્તારમાં રહેતો 33 વર્ષીય યુવાન કોમન ગાવિત રવિવારે સવારે પાંડેસરા બમરોલી ખાતે આવેલી આશાપુરી ખાડીના પાણીમાં તરી રહ્યો હતો. તરતી વખતે અચાનક કોઈ કારણસર તે પાણીમાં ગરકાવ થવા લાગ્યો હતો અને ડૂબવા માંડ્યો હતો. આ દૃશ્ય કિનારે ઉભેલા સ્થાનિક લોકોની નજરે ચડતા જ તેમણે બુમાબુમ કરી મૂકી હતી અને યુવક જીવ બચાવવા ફાંફા મારી રહ્યો હોવાનું સમજાતા તાકીદે સુરત ફાયર બ્રિગેડને આ અંગેની જાણ કરી હતી. ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચે તે પહેલાં જ કિનારે હાજર રહેલા કેટલાક હિંમતવાન સ્થાનિક નાગરિકોએ તાકીદે ખાડીના પાણીમાં ઝંપલાવ્યું હતું અને ડૂબી રહેલા કોમન ગાવિતને પકડી રાખી પાણીમાં ગરકાવ થતો અટકાવ્યો હતો.

# એરપોર્ટ પર આગમન બાદ PM મોદી હજીરા જશે

**પીએમનો** ઇન્ડોર સ્ટેડિયમ ખાતે યોજાશે ભવ્ય કાર્યક્રમ : કલેક્ટર

સુરત : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગામી સુરત પ્રવાસને લઈને શહેરનું વહીવટી અને પોલીસ તંત્ર સંપૂર્ણ રીતે સક્રિય બની ગયું છે. આગામી 5 જૂને સુરતમાં યોજાનારા વડાપ્રધાનના કાર્યક્રમને સફળ બનાવવા માટે સુરત કલેકટર કચેરી ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. બેઠક રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તથા કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટર તેજસ પરમાર, નાયબ કલેકટરો, મામલતદારો, જોઈન્ટ પોલીસ કમિશનર, ટ્રાફિક DCP, ACP, સુરત મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ, મેયર, ધારાસભ્યો તેમજ શહેર ભાજપના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની સુરક્ષા, ટ્રાફિક વ્યવસ્થા, સ્વચ્છતા અને આયોજનને લઈને વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સુરત જિલ્લા કલેકટર તેજસ પરમારે માહિતી આપતા જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી 5 જૂને બપોરે અંદાજે 2 વાગ્યે સુરત એરપોર્ટ પર પહોંચશે. ત્યારબાદ તેઓ હજીરાના એક પ્લાન્ટની અંદાજે 45 મિનિટ સુધી મુલાકાત લેશે. તે બાદ સાંજે અંદાજે 4.15 વાગ્યાથી સુરતના ઈન્ડોર સ્ટેડિયમ ખાતે જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ જાહેરસભા અંદાજે એક કલાક સુધી ચાલશે.

### 18 હજાર કરોડના પ્રકલ્પોનું ખાતમુહૂર્ત

વડાપ્રધાનના હસ્તે કાર્યક્રમ દરમિયાન આશરે 18 હજાર કરોડ રૂપિયાના વિવિધ વિકાસપ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. રાજ્ય અને કેન્દ્ર સરકારના અનેક મહત્વપૂર્ણ પ્રોજેક્ટોને આ કાર્યક્રમમાં લીલી ઝંડી મળવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### ઇકોફ્રેન્ડલી કાર્યક્રમ પર વિશેષ ભાર

જિલ્લા કલેક્ટર તેજસ પરમારે જણાવ્યું હતું કે સમગ્ર કાર્યક્રમને ઇકોફ્રેન્ડલી બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે. પ્લાસ્ટિક મુક્ત આયોજન, સ્વચ્છતા અભિયાન અને પર્યાવરણમૈત્રી વ્યવસ્થાઓ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સામાજિક સંસ્થાઓ અને તંત્ર સાથે મળીને સ્વચ્છતા અભિયાનને પણ પ્રાધાન્ય આપવામાં આવશે. આગામી દિવસોમાં આ મુદ્દે વધુ ચર્ચા અને આયોજન હાથ ધરાશે.

### ઇન્ડોર સ્ટેડિયમમાં તૈયારી શરૂ

વડાપ્રધાનના કાર્યક્રમને લઈને ઇન્ડોર સ્ટેડિયમ ખાતે તૈયારીઓનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. સુરક્ષા વ્યવસ્થા, બેઠક વ્યવસ્થા, ટ્રાફિક નિયંત્રણ તેમજ આગંતુકોની સુવિધા માટે વિવિધ વિભાગોને જવાબદારીઓ સોંપવામાં આવી છે. વડાપ્રધાનના પ્રવાસને લઈને શહેરમાં રાજકીય તેમજ વહીવટી સ્તરે ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

## કુરબાનીના પાડાની ઉઘરાણીની ૪.૮૫ લાખ ભરેલી બેગ આંચકી લેવાઈ

સુરતઃ લિંબાયતના રતનજી નગર પાસે ગત શનિવારે રાત્રે પાડાના વેપારીના કર્મચારી પાસેથી ઈદ નિમિત્તે કુરબાની માટે પાડાના વેચાણથી ઉઘરાવેલા 4.85 લાખ ભરેલી બેગ એક તસ્કર નજર ચૂકવી ઝૂંટવી ફરાર થઈ ગયો હતો. ગોપીપુરા ખાતે કાજીના મેદાન પાસે આવેલા હલીમા સાદીયા એપાર્ટમેન્ટમાં રહેતા ૪૫ વર્ષીય શિરાજહુસેન ઈકબાલહુસેન શેખ છેલ્લા ૨૨ વર્ષથી પશુના વેપારી અબ્દુલ કાદિર જુનેદ ભરૂચાની ખંભાતવાલા ટ્રેડિંગ કંપનીમાં નોકરી કરે છે. ગત તારીખ ૩૦ મેના રોજ શિરાજહુસેન અને તેમની સાથે કામ કરતા ઈલ્યાશખાન પઠાણ કુરબાનીના પાડાની ઉઘરાણી માટે નીકળ્યા હતા અને ૪,૮૫,૦૦૦નું પેમેન્ટ લઈને લિંબાયત રતનજીનગરના ગ્રાહક રઝાભાઈ પાસે પેમેન્ટ લેવા માટે ઉભા રહ્યાં હતાં. ત્યારે એક અજાણ્યા ચોર ઈસમે ૪,૮૫,૦૦૦ ભરેલી બેગ ઝૂંટવી લઈ ભાગવા માંડ્યો હતો. ઈલ્યાશખાને તેની પાછળ દોટ મૂકી બૂમાબૂમ કરી મૂકી હતી, પરંતુ તસ્કર સાંકડી ગલીઓનો લાભ ઉઠાવી અંધારામાં ગાયબ થઈ ગયો હતો.

# સુરત રેલવે પોલીસે 57 લાખનો સામાન યાત્રીઓને પરત કર્યો

**મુસાફરોની** કીમતી ચોરાયેલી વસ્તુ પરત મળતા મુસાફરોના ચહેરા ઉપર ખુશી જોવા મળી



સુરતઃ રેલ્વે માં મુસાફરી કરતા મુસાફરોની સુરક્ષા અને તેમના કિંમતી સામાનની સલામતી માટે કટિબદ્ધ રહેલી સુરત રેલ્વે પોલીસ (GRP) એ ફરી એકવાર પોતાની કાર્યક્ષમતા સાબિત કરી છે. રેલ્વે સ્ટેશન અને ટ્રેનમાં મુસાફરી દરમિયાન ચોરી થયેલ સોનાના બિસ્કિટ અને ગુમ થયેલા મોબાઈલ ફોન શોધી કાઢી પોલીસે મુસાફરોમાં વિશ્વાસ બેસાડ્યો હતો. આ કામગીરી હેઠળ કુલ રૂ. 56,99,374નો મુદ્દામાલ રિકવર કરી મૂળ માલિકોને પરત કરવામાં આવ્યો હતો.

સુરત રેલ્વે પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર 0675/2026 ના ગુનાના કામે પોલીસને મોટી સફળતા મળી હતી. ટ્રેનમાં ચોરી થયેલા 100 ગ્રામના 3 સોનાના બિસ્કિટ, જેનું કુલ વજન 300 ગ્રામ અને અંદાજિત કિંમત રૂ. 45,00,000 જેટલી થઈ છે, તે મુદ્દામાલ સુરત રેલ્વે પોલીસ અને LCB પશ્ચિમ રેલ્વે વડોદરાની ટીમે ગણતરીના કલાકોમાં જ શોધી કાઢ્યો હતો. આ ઉપરાંત, મુસાફરો માટે સૌથી મોટી મુશ્કેલી બનતા ગુમ થયેલા કે ચોરી થયેલા મોબાઈલ ફોન અંગે પણ પોલીસે કડક કાર્યવાહી કરી હતી. ભારત સરકારના CEIR પોર્ટલની મદદથી પોલીસે કુલ 67 વિવિધ કંપનીના મોબાઈલ ફોન શોધી કાઢ્યા હતા.

આ મોબાઈલ ની કુલ કિંમત રૂ. 11,99,374 થાય છે. આમ, કુલ રૂ. 56,99,374 નો મુદ્દામાલ કબજે કરી પોલીસે ચોર ઈસમો સુધી પહોંચવામાં પણ સફળતા મેળવી છે. આ સમગ્ર કામગીરી ગુજરાત રાજ્યના અધિક પોલીસ મહાનિર્દેશક કે.એન.ડામોર (રેલ્વેઝ), પોલીસ અધિક્ષક અભય સોની (પ.રે. વડોદરા) અને નાયબ પોલીસ અધિક્ષક ડી. એચ. ગોર (પ.રે. સુરત વિભાગ) ના માર્ગદર્શન હેઠળ પાર પાડવામાં આવી હતી. અધિકારીઓએ મુસાફરોની સુરક્ષા અને માલ-સામાનની ચોરી અટકાવવા માટે સતત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. રીકવર કરવામાં આવેલો આ તમામ મુદ્દામાલ પોલીસ અધિક્ષક અભય સોનીના હસ્તે "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત મૂળ ફરિયાદીઓને પરત સોંપવામાં આવ્યો હતો. પોતાના ચોરાયેલા કિંમતી સામાન પાછા મેળવીને મુસાફરોના ચહેરા પર ખુશી જોવા મળી હતી.

# RFO સોનલ સોલંકીની હત્યા કેસમાં ૨૨૦૦ પાનાની ચાર્જશીટ રજૂ

**કોર્ટમા** ચાર્જશીટ રજૂ થયા બાદ હાલ કોર્ટમાં ચાર્જ ફ્રેમ માટે આવતી કાલની વધુ એક તારીખ નિર્ધારિત થઈ

**સાહેદ** સાક્ષી મળી કુલ ૧૩૬નાં નિવેદનો ચાર્જશીટમાં રજુ કરાયાં

સુરતઃ સુરતના વન વિભાગમાં આરએફઓ તરીકે ફરજ બજાવતા સોનલબેન અરવિંદભાઈ સોલંકી પર કામરેજનાં જોખા ગામે વાવ તરફનાં રસ્તા પર કાર અટકાવી ફાયરિંગ કરી હત્યા કેસમાં ધરપકડ કરાયેલા આરટીઓ ઇન્સ્પેક્ટર પતિ નિકુંજ કાંતિગિરિ ગોસ્વામી અને તેના મિત્ર ઈશ્વરપુરી માંગુપુરી ગોસ્વામી વિરુદ્ધ કામરેજ પોલીસે અંદાજિત ૨૨૦૦ પાનાની ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજૂ કરી દીધી છે. આ ચાર્જશીટમાં પોલીસે ૧૭ જેટલા પંચો અને સાહેદો મળી કુલ ૧૩૬ જણાનાં નિવેદનો ચાર્જશીટમાં સામેલ કર્યા છે. આ સમગ્ર ઘટનાની ચાર્જશીટ સુરત જિલ્લા એસસી-એસટી સેલનાં એસીપી સી. જી. વાડદોરિયાએ તૈયાર કરી હતી. આ કેસમાં નાસ્તો ફરતો આરોપી સુરજકુમાર ઉર્ફે રાજુ વિનયસિંગ (બિહાર)ની પણ થોડા દિવસ પૂર્વે ધરપકડ કરવામાં આવી હતી. આરોપી નિકુંજે વર્ષ-૨૦૨૪માં ૨૦૦ રાઉન્ડ અને ૨૦૨૫માં ૨૦૦ રાઉન્ડ ખરીદ્યા હતા. જેમાંથી પોલીસે તપાસ દરમિયાન પિસ્તલના બાર રાઉન્ડ અને રિવોલ્વરના ચોવીસ રાઉન્ડ કબજે કર્યા હતા. આ કેસમાં કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજૂ થયા બાદ હાલ કોર્ટમાં ચાર્જફ્રેમમાં વધુ એક તા. બીજી જૂને નિર્ધારીત કરી હોવાનું જાણવા મળ્યું છે. અત્રે નોંધનીય છે કે સુરતના આરટીઓ અને વન વિભાગમાં ચકચાર જગાવનાર આરટીઓ ઇન્સ્પેક્ટર નિકુંજ ગોસ્વામીએ મિત્ર ઈશ્વરપુરી સાથે મળીને કામરેજના જોખા ગામે દીકરાને સ્કૂલે મૂકવા જતી આરએફઓ પત્ની સોનલ પર તા. ૬-૧૧-૨૫નાં રોજ ફાયરિંગ કર્યું હતું. જેમાં સોનલબેનને માથાના ભાગે બુલેટ વાગતા સારવાર દરમિયાન મૃત્યું થયું હતું. આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ - 109(1), 3(5), 54, 319(2), 238(બી), 336(4), 339, 103(1), 61(2)(એ) તથા આર્મ્સ એક્ટ, 1959 ની કલમ - 25(1)(એ), 25(1-બી)(એ), 27, 28, 30 તથા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમ, 2015 ની કલમ - 3(2)(5), 3(2)(7) મુજબ. કલમો અન્વયે ગુનો કામરેજ પોલીસ સ્ટેશને નોંધાયો હતો. જે કેસમાં પોલીસે ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજૂ કરી દીધી છે.

### ચાર્જશીટમાં રજુ કરાયેલા મહત્ત્વનો સારાંશ

- આરોપી નિકુંજ કાંતિગિરિ ગૌસ્વામી અને ઈશ્વરપુરી માંગુપુરી ગૌસ્વામીની ધરપકડ તા. ૧૨-૧૧-૨૦૨૫નાં રોજ કરાઈ
- નિકુંજ અને સોનલના લગ્ન વર્ષ ૨૦૨૦માં થયા હતા અને વર્ષ ૨૦૨૨થી ઝઘડા શરૂ થતા સોનલબેન પિયર જોખા ખાતે રહેવા ચાલી ગયા હતા.
- સોનલબેનએ તા. ૨૮-૪-૨૦૨૪ના રોજ અડાજણ પોલીસ સ્ટેશનને પતિ નિકુંજ, સસરા કાંતિગિરિ, સાસુ ફાલ્ગુની, દિયર આકાશ વિરુદ્ધ મારપીટ અને મોબાઈલ ફોન લઈ લેવા બાબતે અરજી કરી હતી જેમાં મોબાઈલ ફોનના એક લાખ ચૂકવાતા અરજી ફાઇલ કરાવી હતી.
- તા. ૧૬-૭-૨૪ના રોજ મહિલા પોલીસ સ્ટેશન ગ્રામ્યમાં સોનલબેને પતિ સહિત સાસરિયાં સામે પતિનાં અન્ય સ્ત્રી સાથેનાં અફેરને કારણે ત્રાસ આપી જાતિ વિષયક અપમાન કરતાં હોવાની અરજી કરી હતી.
- તા. ૨૧-૯-૨૪નાં રોજ માતા પિતા સાથે રહેવા બાબતે સ્ટેમ્પ પેપર પર લખાણ માંગતા સોનલે ના પાડતા પતિએ ઢીકમુક્કીનો માર મારતાં અડાજણ પોલીસ બોલાવી હતી અને સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધી હતી આ બનાવની ફરિયાદ નોંધાવી ન હતી.
- તા. ૧૬-૧-૨૦૨૫નાં રોજ સોનલબેને પતિ સહિત સાસરિયાં સામે દહેજ પ્રતિબંધક ધારા અને એટ્રોસીટી એક્ટ અન્વયે ફરિયાદ કરી હતી.
- આરટીઓ કમિશનરને સોનલબેને અરજી કરી હતી. જેમાં જણાવ્યું હતું કે પતિ આરટીઓ ઈન્સ્પેકટર નિકુંજ પાસે લાયસન્સવાળી રિવોલ્વર છે. મને અને મારા દીકરાને મારી નાંખશે એટલે બદલી કરવા અરજ કરી હતી.
- તા. ૨૯-૬-૨૦૨૫થી પતિ નિકુંજ અને દીપિકા હિતેન્દ્ર ગોસ્વામી કાળા કાચવાળી નંબર વગરની ગાડીમાં સતત પીછો કરતો હોવાની અરજી તા. ૧૭-૭-૨૦૨૫નાં રોજ કામરેજ પોલીસ સ્ટેશને કરી હતી.
- સોનલબેનની કારનાં પાછળના ભાગેથી જીપીએસ ટ્રેકર મળી આવતાં પતિ કે તેના પરિવારે જાસુસી કરવા માટે લગાવ્યું હોવાની શંકા સાથે કામરેજ પોલીસ સ્ટેશને તા.૩-૧૧-૨૦૨૫ના રોજ ફરિયાદ કરી હતી.
- સોનલબેને કરેલી અરજીઓ, ગુના સંદર્ભે દ્વેષ ભાવ રાખી પતિ નિકુંજે તેની હત્યા કરવા મિત્ર ઈશ્વરપુરીનો સાથ લીધો.
- બિહારથી હથિયાર ખરીદવા નિકુંજે ઈશ્વરપુરીને દોઢ લાખ આપ્યાં હતાં. સુરજકુમાર વિનયસિંઘ પાસેથી બે દેશી પિસ્તલ રાઉન્ડ સાથે મેળવ્યાં
- પોલીસે ડ્રોન કેમેરા, જીપીએસ ટ્રેકર સહિતની સામગ્રી જપ્ત કરી હતી
- આરોપીએ ઉપયોગમાં લીધેલા મોબાઈલ ફોન અને જીપીએસના ડેટા-લોકેશન પોલીસે મેળવ્યા હતા
- આરોપી નિકુંજે સાસુ કાન્તાબેનના નામે જીપીએસની ખરીદી કરી હતી

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### મર્સિડીઝ ઉડાવી...

હતી. પરિવાર સાથે હોવાથી મર્સિડીઝ લઈ નીકળી ગયેલા વેપારીની કારનો પીછો કરી ભેસ્તાન વિસ્તારમાં પાછળથી બે વખત જોરદાર ટક્કર મારતા કાર BRTSની લોખંડની રેલિંગ સાથે અથડાઈ ગઈ હતી. અકસ્માતમાં વેપારી અને તેમની પત્નીને ઈજાઓ પહોંચી હતી અને કારનો ખુરદો બોલી ગયો હતો. ઘટનાની ગંભીરતા ધ્યાને લઈ ભેસ્તાન પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી કલાકોમાં જ ત્રણેય આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

અડાજણ પાટિયા નજીક આવેલી ગાર્ડન સોસાયટીમાં રહેતા ટેક્સટાઈલ વેપારી સિદ્દીક સલીમ ચકીવાલા (ઉ.વ. ૩૦) ગત તા. ૩૦ મેની રાત્રે પોતાની પત્ની તાઇબા (ઉ.વ. ૨૨) અને દોઢ વર્ષની પુત્રી ફાતિમા સાથે મર્સિડીઝ કારમાં લાજપોર સ્થિત જેતુન હોટલ ખાતે સગા-સંબંધીઓ સાથે જમવા ગયા હતા. રાત્રે આશરે ૧ વાગ્યે પરિવાર સાથે પરત ફરી રહ્યા હતા ત્યારે ઉન સનામીલ ચાર રસ્તા પાસે કાળા કાચવાળી હ્યુન્ડાઈ વર્ના કારના ચાલકે અચાનક તેમની કાર આગળ કટ મારી ટર્ન લીધો હતો.

સિદ્દીકભાઈએ સમયસૂચકતા દાખવી બ્રેક મારી દેતા અકસ્માત ટળી ગયો હતો. જોકે, આ અંગે ટોકતા વર્ના કારમાં સવાર ચાલક અને તેના બે મિત્રો નશાની હાલતમાં નીચે ઉતરી ગાળાગાળી કરવા લાગ્યા હતા તેમજ જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. પરિવાર સાથે હોવાથી સિદ્દીકભાઈએ વિવાદ ટાળવા પોતાની કાર આગળ હંકારી દીધી હતી.

પરંતુ આરોપીઓએ અદાવત રાખી તેમની કારનો પીછો ચાલુ રાખ્યો હતો. ભેસ્તાન ચાર રસ્તા નજીક બ્રિજ પરથી નીચે ઉતરતી વખતે રોડનું કામ ચાલતું હોવાથી સિદ્દીકભાઈએ કારની ગતિ ધીમી કરી હતી. તે દરમિયાન પાછળથી પૂરઝડપે આવી રહેલી વર્ના કારના ચાલકે મર્સિડીઝને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. એટલેથી ન અટકતા બીજી વખત વધુ જોરથી ટક્કર મારતા મર્સિડીઝ કાર બેકાબૂ બની રોડ પર ફંગોળાઈ BRTSની લોખંડની રેલિંગ સાથે ધડાકાભેર અથડાઈ ગઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે મર્સિડીઝ કારના આગળના ભાગના ફુરચા ઉડી ગયા હતા અને તમામ એરબેગ્સ ખુલી ગઈ હતી. અકસ્માતમાં સિદ્દીકભાઈ અને તેમની પત્ની તાઈબાને ઈજાઓ પહોંચી હતી, જોકે સદનસીબે દોઢ વર્ષની બાળકી સહિત તમામનો આબાદ બચાવ થયો હતો.

### સુરતના અનેક...

બની છે. તેના કારણે ગત રાત્રિથી જ ગુજરાતના અનેક વિસ્તારોમાં વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે અને વરસાદી માહોલ સર્જાયો છે. આ સિસ્ટમોના પ્રભાવ હેઠળ આગામી દિવસોમાં ૪૦થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તેજ પવન ફૂંકાવાની સાથે ગાજવીજ અને ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં હવામાન વધુ અસરકારક બની શકે છે. હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતના નર્મદા, તાપી અને ડાંગ જિલ્લાઓમાં ગાજવીજ સાથે ભારે વરસાદ પડવાની પૂરેપૂરી શક્યતા દર્શાવી છે. વંટોળિયા પવન અને વીજળીના કડાકા સાથે વરસાદી માહોલ સર્જાવાની આગાહી વચ્ચે તંત્ર પણ એલર્ટ મોડમાં આવ્યું છે.

### સાપુતારામાં બોટિંગ...

આનંદ માણવા માટે પણ ભારે ધસારો જોવા મળી રહ્યો છે. પ્રકૃતિને નજીકથી નિહાળવા માટે ઘણા પ્રવાસીઓ બાઈસીકલ સવારી પસંદ કરી રહ્યા છે, જેનાથી સમગ્ર વાતાવરણ જીવંત બન્યું છે. આ સિવાય, સાપુતારામાં રોમાંચની સીમાઓ પાર કરતા પેરાગ્લાયડીંગે પ્રવાસીઓમાં ભારે આકર્ષણ જમાવ્યું છે, જ્યાં સાહસિકો હવામાં ઉડીને સાપુતારાની હરિયાળી ખીણોનો નજારો માણી રહ્યા છે. તેમજ, એક પહાડ પરથી બીજા પહાડ પર જતી રોપવેની સવારી પણ પ્રવાસીઓ માટે યાદગાર અનુભવ સાબિત થઈ રહી છે. રોપવેમાંથી દેખાતો સાપુતારાનો વિહંગમ નજારો પ્રવાસીઓને મંત્રમૂગ્ધ કરી રહ્યો છે. પ્રવાસીઓની આ ભારે ભીડને કારણે સ્થાનિક રોજગારીમાં મોટો ઉછાળો આવ્યો હતો.

### મહિલા રૂમ...

અવાજ કે જવાબ ન મળતા પતિ ગભરાઈ ગયા હતા. ફાયર જવાનોનો કાફલો મિનિટોમાં જ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયર જવાનોએ દરવાજાનું મજબૂત લોક તોડી નાખ્યું હતું અને અંદર જતા જ જોયું તો દિવ્યાબેન એકદમ આરામથી ફોન જોઈ રહ્યા હતા અને સહી-સલામત હતા. પત્નીને હેમખેમ જોઈને પતિએ પણ હાશકારો અનુભવ્યો હતો. ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે, માત્ર ફોનની ધૂનમાં દરવાજો ન ખોલવાના કારણે આ આખી દોડધામ મચી ગઈ હતી.

### મનપાની મુખ્ય...

માસૂમ બાળકો અને નાગરિકો પર ડોગ બાઈટ એટલે કે કૂતરા કરડવાના અસંખ્ય બનાવો સામે આવ્યા છે, જેમાં અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ વિકરાળ સમસ્યા વચ્ચે રખડતા કૂતરાઓના ત્રાસને કાબૂમાં લેવામાં મનપાનું તંત્ર સદંતર નિષ્ફળ સાબિત થયું છે. કૂતરાઓના ખસીકરણ અને વેક્સિનેશનના દાવાઓ માત્ર કાગળ પર જ સીમિત રહ્યા હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે, કારણ કે તંત્રની નિષ્ક્રિયતાને લીધે કૂતરાઓનો આતંક હવે મનપાની અંદર સુધી પહોંચી ગયો છે. સામાન્ય પ્રજા આ ત્રાસથી ત્રસ્ત છે ત્યારે વહીવટી તંત્ર ઘોર નિદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં હાલમાં જ નવા નિયુક્ત થયેલા મેયર અને અન્ય પદાધિકારીઓ સત્તાના સૂત્રો સંભાળી રહ્યા છે, ત્યારે જાગૃત નાગરિકોની ઉગ્ર માંગ છે કે તેઓ આ ગંભીર બાબતની તાકીદે નોંધ લે. જો મનપા શાસકો અને ઉચ્ચ અધિકારીઓ પોતાના જ પરિસરને શ્વાનમુક્ત ન કરી શકતા હોય, તો સમગ્ર શહેરની સુરક્ષાના દાવા પોકળ સાબિત થાય છે.

### ગુજરાતની બેંકોમાં...

હોઈ શકે છે. ભારતની સરકારી, ખાનગી અને વિદેશી બેંકોમાં 10 વર્ષથી વધુ સમય સુધી નિષ્ક્રિય રહેલી બચત, કરંટ એકાઉન્ટ અને એફડીની રકમ આરબીઆઈના Depositor Education and Awareness Fund (DEAF)માં ટ્રાન્સફર થયા છે. જાન્યુઆરી-2026 સુધી આવી અનક્લેમ જમા રકમ રૂ.72,454 કરોડથી વધુ છે.

### સુરતની બેંકોમાં...

અનક્લેમ રકમ શોધવા માટે આરબીઆઈએ UDGAM પોર્ટલ શરૂ કર્યું છે, જ્યાં વ્યક્તિ પોતાના અથવા પરિવારજનોના નામે પડેલી અનક્લેમ બેંક ડિપોઝિટ શોધી શકે છે. 2025 સુધી લાખો લોકોએ આ પોર્ટલ મારફતે પોતાની ભૂલાયેલી જમા રકમ શોધી અને ક્લેમ કરી છે.

સુરક્ષા અને નાણાકીય સેવાઓના સચિવે ભાર મૂક્યો હતો કે આ પોર્ટલ એક જ પ્લેટફોર્મ પર બહુવિધ શોધ સુવિધાઓની ઍક્સેસ પ્રદાન કરીને નાગરિકોની સુવિધામાં સુધારો કરશે અને વ્યક્તિઓને તેમની યોગ્ય નાણાકીય સંપત્તિઓ સાથે ફરીથી જોડવા માટેના ચાલુ પ્રયાસોને મજબૂત બનાવશે.